બારડોલીનું 'સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ' શોભાના ગાંઠિયા જેવું: કરોડોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધૂળ ખાઈ રહ્યું છે

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સાથે 'રમત'

ઈનડોર સ્ટેડિયમને તાળાં, સાધનો ખરાબ થવાની ભીતિ

સત્તાધીશો પાસે સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવાની ઈચ્છાશક્તિ જ નથી!

બારડોલીઃ એક તરફ ભારત ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સ જેવાં વૈશ્વિક આયોજનો માટે સજ્જ થઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સત્યાગ્રહની ભૂમિ બારડોલીમાં રમતગમતનું ભવિષ્ય અંધકારમય દેખાઈ રહ્યું છે. કરોડોના ખર્ચે નિર્મિત 'સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ' નગરપાલિકાની ઉદાસીનતા અને વિઝનના અભાવે શહેરના યુવાનો માટે બિન-ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. લોકાર્પણનાં બે વર્ષ વીતી જવા છતાં અહીં કોઈ પણ રમતની એકેડમી શરૂ થઈ શકી નથી. ક્રિકેટ મેદાનનો ઉપયોગ માત્ર ખાનગી ગ્રુપની ટુર્નામેન્ટ પૂરતો મર્યાદિત છે, જ્યારે ઊભરતા ખેલાડીઓ માટે પદ્ધતિસરની તાલીમની કોઈ વ્યવસ્થા નથી.

સૌથી ગંભીર સ્થિતિ ઈનડોર સ્ટેડિયમની છે. કરોડોના ખર્ચે તૈયાર થયેલા આ હોલમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને ચેસ જેવી રમતો માટેની શ્રેષ્ઠ સુવિધા છે, પરંતુ હાલ ત્યાં તાળાં લટકી રહ્યાં છે. સ્થાનિક યુવાનોના મતે સત્તાધીશો પાસે સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવાની ઈચ્છાશક્તિ જ નથી. જો આ જ સ્થિતિ રહી તો ટૂંક સમયમાં મોંઘાં સાધનો અને ફ્લોરિંગ કાટ ખાઈને બરબાદ થઈ જશે. બારડોલીનું આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હાલ તો માત્ર 'ધોળો હાથી' સાબિત થઈ રહ્યું છે. જો નગરપાલિકા વહેલી તકે ખાનગી એકેડમી કે પ્રોફેશનલ કોચ સાથે ટાઈ-અપ નહીં કરે, તો આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ માત્ર બની રહેશે.

સરકારની ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) યોજના હેઠળ બારડોલીમાં રેસિડેન્શિયલ સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવી એ સમયની માંગ છે. હાલ સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં જ આવી સુવિધા ઉપલબ્ધ છે. જો બારડોલી નગરપાલિકા કોઈ સ્થાનિક શાળા સાથે ટાઈ-અપ કરી આ યોજના અમલી બનાવે તો કરોડોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યરત થશે. આનાથી સુરત ગ્રામ્યના પ્રતિભાશાળી યુવાનોને ઘરઆંગણે રહેવા-જમવાની સુવિધા સાથે વ્યાવસાયિક તાલીમ મળશે અને રમતગમત ક્ષેત્રે બારડોલીનું નામ રોશન થશે.

નગરપાલિકા શું કરી શકે

» નગરપાલિકા પાસે જો કોચ કે સ્ટાફ રાખવાનું બજેટ ન હોય, તો જાણીતી સ્પોર્ટ્સ એકેડમીઓ સાથે જોડાણ કરવું જોઈએ.

» માત્ર મેદાન હોવું પૂરતું નથી. ક્રિકેટ, બેડમિન્ટન, શૂટિંગ, તિરંદાજી અને ટેબલ ટેનિસ માટે પ્રોફેશનલ કોચિંગ શરૂ કરવું અનિવાર્ય છે.

» શહેરના નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે નજીવા દરે માસિક કે વાર્ષિક મેમ્બરશિપ શરૂ કરવી જોઈએ. જેથી જાળવણીનો ખર્ચ નીકળી શકે.

» વર્ષ દરમિયાન માત્ર ક્રિકેટ ટુર્નામેન્ટ જ નહીં, પણ તમામ રમતોની આંતર-શાળા અને ઓપન બારડોલી સ્પર્ધાઓનું આયોજન થવું જોઈએ.

આ છે સળગતા સવાલો

લોકાર્પણના ૨૪ મહિના પછી પણ એકેડમી કેમ શરૂ ન થઈ?
શું સત્તાધીશો માત્ર ભાડાની આવકમાં જ રસ ધરાવે છે?
ટેલેન્ટ હોવા છતાં બારડોલીના યુવાનો સુવિધાથી વંચિત કેમ?
૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સના લક્ષ્યાંક સામે બારડોલીનું યોગદાન શૂન્ય રહેશે?

અંબિકામાં ભારતનો સૌથી મોટો 'નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેર' યોજાશે

મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન થશે, બારડોલી સરકીટ હાઉસ ખાતે બેઠક મળી

બારડોલીઃ આદિવાસી સમાજની કલા, સંસ્કૃતિ અને ઉદ્યોગ સાહસિકતાને વૈશ્વિક ઓળખ અપાવવા માટે સુરત જિલ્લાના અંબિકા તાલુકાના વસરાઈ ખાતે આગામી ૨૬થી ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભવ્ય 'નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેર' (NTTF-2025)નું આયોજન કરવામાં આવ્યું છે. બારડોલી સરકીટ હાઉસ ખાતે આદિજાતિ મંત્રી નરેશ પટેલે પત્રકાર પરિષદ સંબોધીને આ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરાવશે પ્રારંભ રાજ્યમાં પ્રથમવાર યોજાઈ રહેલા આ રાષ્ટ્રીય કક્ષાના મેળાનું ઉદ્ઘાટન રવિવારે ડિસેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે કેન્દ્ર સરકારના ૪ મંત્રી, વિવિધ ૫ રાજ્યના આદિજાતિ મંત્રીઓ અને અનેક સાંસદ-ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. 'દિશા ફાઉન્ડેશન' અને 'સમસ્ત આદિવાસી સમાજ-ગુજરાત' દ્વારા આયોજિત આ મહોત્સવમાં ૩ લાખથી વધુ લોકો ઊમટી પડે તેવી શક્યતા છે.

૩૫૦થી વધુ સ્ટોલ્સમાં પરંપરાગત હસ્તકલાથી લઈને આધુનિક બિઝનેસ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ થશે. આદિવાસી ખાના-ખજાના અંતર્ગત ૯૦થી વધુ સ્ટોલ્સમાં આદિવાસી સંસ્કૃતિની વાનગીઓનો રસાસ્વાદ ચાખવા મળશે. આ ઉપરાંત ૧૦૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકો અને ૧૦ હજારથી વધુ વ્યવસાયકારો માટે આ એક મોટું પ્લેટફોર્મ બનશે. ૧૨ રાજ્યના કલાકારો દ્વારા ૪ દિવસ સુધી રાત્રિ દરમિયાન ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે.

શૈક્ષણિક અને વિકાસલક્ષી સત્રો વેપારની સાથે જ્ઞાનવર્ધન માટે અહીં ૭ બિઝનેસ સેમિનાર, ૩૦૦૦ મહિલાઓ માટે સશક્તિકરણ સત્ર, ૫૦૦૦ વિદ્યાર્થીઓ માટે રોજગાર માર્ગદર્શન અને ૩૦૦૦ ખેડૂતો માટે કૃષિ વિકાસ સેમિનાર યોજાશે.

સંક્ષિપ્ત સમાચાર

કુડસદ નજીક ટ્રેન અડફેટે એકનું મોત

કીમઃ શુક્રવારે રાત્રે કુડસદ ગામની સીમમાંથી પસાર થતી વેળા ટ્રેન અડફેટે આવતાં ઇલેશ દેવરામભાઈ ભોયે (ઉ.વ.૩૮) (રહે., ચીખલી, તા.આહવા)નું મોત થયું હતું. મૃતક કુડસદ ગામની હદમાં નીલગીરીનાં ઝાડ કાપવા માટે આવ્યો હતો. દરમિયાન કુદરતી હાજત માટે રેલવે ટ્રેક તરફ જતા સમયે અચાનક ટ્રેનની અડફેટે આવી જતાં મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ જયરામભાઈ દેવરામભાઈ ભોયે દ્વારા કીમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. કીમ પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બારડોલીના ધામડોદ રોડ પરથી ૧૯ વર્ષીય પરિણીતા રહસ્યમય રીતે ગુમ

બારડોલીઃ બારડોલીના ધામડોદ રોડ પર આવેલ લક્ષ્મી ગોપાળ કોમ્પ્લેક્સ પાસેથી એક ૧૯ વર્ષીય પરિણીતા રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. શામરીયા મોરા વિસ્તારમાં રહેતા આયુષભાઈ ભંડારીના પત્ની કુનિકા (ઉ.વ. ૧૯) ગત તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં ધામડોદ રોડ પર આવેલી 'આઈ ઓપ્ટિકલ' નામની દુકાને ગયા હતા. ત્યાંથી તેઓ "મામા આવ્યા છે, તેમની સાથે એલ.સી. માટે સોગંદનામું કરવા જાઉં છું" તેમ કહી નીકળ્યા હતા, પરંતુ ત્યારબાદ પરત ફર્યા નહોતા. પરિવારજનોએ સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. બારડોલી ટાઉન પોલીસે આ અંગે ગુમ જાણવા જોગ નોંધ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વ્યારાના પાનવાડી પાસે કાર અડફેટે સાઇકલ સવારનું મોત

વ્યારાઃ વ્યારામાં પાનવાડી પાસે આઈરીસ પ્લાઝાની સામે ટવેરા ગાડીએ સાઇકલને પાછળથી ટક્કર મારતાં સાઇકલ પર સવાર 43 વર્ષીય પુરુષનું સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ગત તા.13-12-2025ના રોજ વિષ્ણુભાઈ ઝીણાભાઈ ગામીત (ઉ.વ.43) (રહે.,ઘર નં.2627, નંદનવન સોસાયટી પાનવાડી, વ્યારા) ગત તા.13-12-2025ના રોજ બપોરે પોતાની સાઇકલ પર જઈ રહ્યો હતો. ત્યારે પાનવાડી પાસે વ્યારા-ભેંસકાતરી રોડ ઉપર ટવેરા ગાડી નં .(GJ-26-A-8907)ના ચાલકે પોતાની ફોર વ્હીલર ગાડીને પૂરઝડપે હંકારી લાવી સાઇકલ પર જઈ રહેલા વિષ્ણુને પાછળથી ટક્કર મારી હતી. જોરદાર ટક્કર મારતાં વિષ્ણુ રોડ ઉપર ફંગોળાયો હતો. આથી માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે વિષ્ણુને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે લઈ જવામાં આવ્યો હતો. જો કે, ફરજ પરના તબીબે વિષ્ણુને મૃત જાહેર કરાયો હતો. આ અંગે તા.19-12-2025ના રોજ વ્યારા પોલીસ મથકમાં મૃતક વિષ્ણુના ભાઈએ ફોર વ્હીલર ગાડીના ચાલક વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બૌધાન હાઈસ્કૂલમાં શિક્ષકોને માર્ગદર્શન અપાયું

માંડવીઃ સુરત જિલ્લાના બૌધાન સ્થિત એચ.એમ. વાય. કોટવાલ સાર્વજનિક હાઈસ્કૂલમાં ગુરુવાર 'તરુણાવસ્થા-સમસ્યા અને માર્ગદર્શન' વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સુરત જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરીથી SVS-13 માંડવી-ઉમરપાડા તાલુકાના શિક્ષકો માટે યોજાયો હતો. સુરતના એડોલેસન્ટ હેલ્થ ફિઝિશિયન ડો.લતિકા શાહે આ વિષય પર માહિતી આપી હતી. તેમણે આજના સમયમાં બાળકો, યુવાનો અને વિદ્યાર્થીઓમાં વધી રહેલા ડિપ્રેશન અને આપઘાતનાં કારણો તેમજ તેના નિવારણ અંગે શિક્ષકોને રસપ્રદ રીતે સમજણ પૂરી પાડી હતી. આ સેમિનારમાં શાળા સંચાલકો, માંડવી-ઉમરપાડા તાલુકાના શિક્ષણવિદો અને મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં આચાર્યા પલ્લવી ચૌધરીએ ડો.લતિકા શાહ સહિત તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ સંસ્થાના પ્રમુખ તુષારભાઈ શાહે ઉપસ્થિત તમામને સન્માનિત કર્યા હતા. તેમણે કાર્યક્રમના આયોજન માટે મંજૂરી આપવા બદલ જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારનો આભાર વ્યક્ત કર્યો હતો.

બારડોલીમાં કાજુ-બદામના કેરેટ નીચેથી કોબ્રા નીકળ્યો

બારડોલી પાલિકાની દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન બનેલી ઘટના

બારડોલીઃ બારડોલી નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ધુલિયા ચોકડી વિસ્તારમાં રસ્તા પર નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન એકાએક ઝેરી સાપ નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

નગરપાલિકાની ટીમ જ્યારે રસ્તા પર ઊભા રહેતા લારી-ગલ્લાઓનું દબાણ હટાવી રહી હતી, ત્યારે સામાનની હેરફેર દરમિયાન કાજુ-બદામના કેરેટ નીચેથી એક મહાકાય કોબ્રા સાપ ફેણ ચઢાવીને બહાર આવ્યો હતો. ઝેરી નાગને જોઈને પાલિકાના કર્મચારીઓ અને આસપાસના લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો અને નાસભાગ મચી ગઈ હતી. જો કે, પાલિકાની ટીમે ધીરજપૂર્વક કામ કરી સાપને સુરક્ષિત રીતે પકડી પાડ્યો હતો. આ અંગે તાત્કાલિક ફ્રેંડ્સ ઓફ એનિમલ ગ્રુપને જાણ કરવામાં આવતાં વન્યજીવ પ્રેમીઓએ સ્થળ પર પહોંચી કોબ્રાનો કબજો મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. દબાણ દૂર થવાની સાથે ઝેરી સાપ પકડાતાં સ્થાનિકો અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

બાબેનમાં રિક્ષામાં મુસાફરી કરતી વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડીની તફડંચી

વારંવાર આગળ-પાછળ અને ડાબે-જમણે ખસવાનું કહી ગઠિયાઓની કરામત

બારડોલીઃ બારડોલીના બાબેન ગામની હદમાં એક ચોંકાવનારી ચોરીની ઘટના સામે આવી છે, જેમાં રિક્ષામાં પેસેન્જર તરીકે બેઠેલા ગઠિયાઓએ એક 65 વર્ષીય વૃદ્ધાનું ધ્યાન ભટકાવી તેમના હાથમાંથી સોનાની બંગડી સેરવી લીધી હતી. આ મામલે બારડોલી ટાઉન પોલીસ મથકે ચાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

બાબેન ગામની મંગલદીપ સોસાયટીમાં રહેતાં મંજુબેન દલપતભાઈ પરમાર ગત તારીખ 18 ડિસેમ્બરના રોજ બપોરે 12:30 વાગ્યાના અરસામાં તુડી ગામેથી બારમાની વિધિ પતાવી પરત ફરી રહ્યાં હતાં. બાબેન સુગર ફેક્ટરી પાસે ચાલતા જતાં મંજુબેનને એક રિક્ષા ચાલકે ઊભા રાખી ક્યાં જવું છે તેમ પૂછ્યું હતું. મંજુબેને બાબેન જવાનું કહેતા રિક્ષા ચાલકે તેમને પાછળની સીટ પર બેસાડ્યા હતા, જ્યાં પહેલેથી જ ત્રણ અન્ય ઇસમો બેઠેલા હતા.

રિક્ષામાં મુસાફરી દરમિયાન બાજુમાં બેસેલા શખ્સે વૃદ્ધાને વારંવાર આગળ-પાછળ અને ડાબે-જમણે ખસવાનું કહી તેમનું ધ્યાન ભટકાવ્યું હતું. હનુમાનજીના મંદિર પાસે પહોંચતા જ રિક્ષામાં બરાબર બેસાતું નથી તેમ કહી વૃદ્ધાને ઉતારી દેવામાં આવ્યાં હતાં. રિક્ષા ગયા બાદ મંજુબેનને માલૂમ પડ્યું હતું કે તેમના જમણા હાથમાં પહેરેલી આશરે રૂ.45,000ની કિંમતની એક તોલાની સોનાની બંગડી ગાયબ હતી. ગભરાઈ ગયેલા વૃદ્ધાએ ઘરે જઈ તેમના પુત્રને જાણ કરી હતી અને ત્યારબાદ 19 ડિસેમ્બરના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બારડોલી પોલીસે અજાણ્યા ચાર ઇસમો વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ 303(2) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફૂલવાડી ગામના પુલ નીચેથી કારમાંથી દારૂ ઝડપાયો

રાજપીપળાઃ રાજપીપળા-ગરુડેશ્વર રોડ પર આવેલા ફૂલવાડી ગામના પુલ નીચેથી લાખોનો દારૂ પોલીસે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ એલ.સી.બી. ટીમ રાજપીપળા વિસ્તારના ફૂલવાડી પાસે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળતાં રેઈડ કરી ફૂલવાડી ગામના પુલની નીચે ગરુડેશ્વરના જંતર ગામના હુનજીભાઈ સેંગાભાઈ વસાવા તથા અન્ય બે અજાણ્યા પોલીસને જોઈ ઝાડી-ઝાંખરામાં નાસ ગયા હતા. આ જગ્યા પરથી એક સફેદ કલરની સ્વિફ્ટ ડિઝાયર કારમાં દારૂ-બિયર મળી કુલ કિં.રૂ.૧,૭૩,૪૮૦ તથા એક સફેદ કલરની સ્વિફ્ટ ડિઝાયર ગાડી કિં.રૂ.૪,૦૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિં. રૂ.૫૦૦૦ મળી કુલ મુદ્દામાલ કિં.રૂ.૫,૭૮,૪૮૦ સાથે પ્રોહિ. મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ ગુનામાં હુનજીભાઈ સેંગાભાઈ વસાવા તથા અન્ય બે અજાણ્યા ઈસમને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ધોળીકુઈ ગામમાં ખેતરમાં કામ કરતી મહિલાની છેડતી

અનાવલઃ મહુવાના એક ગામમાં ખેતમજૂરી કરવા ગયેલી મહિલાની છેડતી કરવામાં આવતાં આરોપી યુવક વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહુવાના એક ગામમાં રહેતી મહિલા દેરાણી તેમજ અન્ય મજૂરો સાથે ધોળીકુઈમાં હિતેશભાઈ નામના ખેડૂતના ખેતરમાં શેરડી કાપ્યા બાદ સફાઈકામ માટે ગયાં હતાં. બપોરના સમયે કામ પૂર્ણ કરી બધા મજૂરો ઘરે જવાની તૈયારી કરી રહ્યા હતા. દરમિયાન ખેતરની વાડના લોખંડના દરવાજા પાસે ગામના રબારીવાસમાં રહેતો હસમુખ દેવજી સુચલ નજીક આવ્યો હતો અને મહિલાને ઉશ્કેરણીજનક રીતે કહેવા લાગ્યો હતો કે "તું મારી સાથે કેમ બોલતી નથી." મહિલાએ કારણ પૂછતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે મહિલાનો હાથ પકડી ખેંચી અપશબ્દો બોલી છેડતી કરી હતી. અન્ય મજૂરો દોડી આવતાં આરોપી પોતાની બાઈક લઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ મહિલાએ દેરાણી સાથે ઘરે જતા સમયે આરોપીના ઘરે જઈ તેના પિતાને સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. મહુવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે છેડતીનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

બહેનને મેસેજ કરી ભાઈએ કહ્યું: 'હું મરવા જાઉં છું'

ઓલપાડ પોલીસે ગુમ યુવકને હાથીસા રોડના એક એપાર્ટમેન્ટના ધાબા પરથી શોધી કાઢ્યો

સાયણઃ 'હું મરવા જાઉં છું' એવો વોઇસ મેસેજ પોતાની બહેનના મોબાઈલ ફોન ઉપર વાયરલ કરી ઓલપાડ ટાઉનમાંથી ગુમ થયેલા યુવકને પોલીસે ગણતરીના કલાકોમાં હાથીસા રોડ ઉપર આવેલ એક એપાર્ટમેન્ટના ધાબા પરથી ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેનો કબજો પરિવારને સોંપ્યો હતો.

ઓલપાડ ટાઉનમાં રહેતા બાબુભાઈ શાંતિલાલ ગણાવાએ ગત શુક્રવાર, તા.૧૮ના રોજ રાત્રે ઓલપાડ બજારની આ.પો. ચોકીમાં પહોંચી પીએસઆઈ પી.પી.ચાવડાને ફરિયાદ કરી હતી કે ગુરુવાર, તા.૧૭ના રોજ રાત્રે તેના ૨૧ વર્ષીય પુત્રએ તેની બહેનના મોબાઈલ ફોન ઉપર 'હું મરવા જાઉં છું' એવો વોઇસ મેસેજ વાયરલ કરી ઘરેથી કોઈને જાણ કર્યા વિના ક્યાંક ચાલ્યો ગયો છે. જેથી પોલીસે જુદી જુદી ટીમ બનાવી આજુબાજુના સીસીટીવી.કેમેરાના ફૂટેજ ચેક કરી એનાલિસિસ કર્યું હતું. આ ઉપરાંત પોલીસે ગુમ થનાર યુવકના મોબાઈલ નંબરનું ટેક્નિકલ વર્કઆઉટ દ્વારા છેલ્લું લોકેશન મેળવતાં યુવક ઓલપાડ-હાથીસા રોડ ઉપર આવેલ રિદ્ધિ-સિદ્ધિ એપાર્ટમેન્ટ જણાયું હતું. જેથી પોલીસ ટીમે લોકેશન તથા તેની આજુબાજુની જગ્યા સર્ચ કરતાં આ યુવક રિદ્ધિ-સિદ્ધિ એપાર્ટમેન્ટના ધાબા પર કોઈ અગમ્ય પગલું ભરે તે પહેલા પહોંચી જઈ તેને વિશ્વાસમાં લઈ સમજાવી- પતાવીને ઓલપાડ બજાર ખાતેની આ.પો. ચોકી ખાતે લઈ આવી હતી. ત્યાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ગુમ થનાર યુવકનો સહી-સલામત કબજો તેના વાલી વારસોને સુપરત કરી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

કીમ વિસ્તારમાં યુવાને ફાંસો ખાધો

કીમઃ કીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુડસદ ગામના રણછોડનગરમાં મિશ્રીલાલના રૂમમાં ભાડે રહેતા ૩૫ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. નંદનસિંહ પ્રેમસિંહ રાજપૂત (ઉ.વ.૩૫) મૂળ રહેવાસી બાગેશ્વર જિલ્લો, ઉત્તરાખંડ, હાલ કુડસદ ગામ ખાતે ભાડે રહેતા હતા. તારીખ ૧૮/૧૨/૨૦૨૫ના રોજ રાત્રે ૮ વાગ્યા પહેલાં તેમણે પોતાની રૂમમાં પંખાના હૂક સાથે દોરી વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

અંકલેશ્વરમાં ધ્યાન દિન રેલી

અંકલેશ્વરઃ વિશ્વ ધ્યાન દિવસ નિમિતે અંકલેશ્વરમાં પ્રચાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી શ્રી રવિશંકર મહારાજ પ્રેરિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના અનુયાયીઓ રેલીમાં જોડાયા હતા.

ગંભીરપુરામાં ભૂલથી ઝેરી દવા પી લેતાં આધેડનું મોત

રાજ પીપળાઃ તિલકવાડાના ગંભીર પુરા ગામના રમણભાઈ શાંતિ ભાઇ ભીલ ગત તા. ૧૬/૧૨/૨૦૨૫ના દિવસે પોતાના ઘરમાં તિજોરીના ખાનામાં મૂકેલી ઝેરી દવાને સોડા સમજીને ભૂલથી પી જતાં પ્રથમ સારવાર તિલકવાડા સરકારી દવાખાનામાં કરી વધુ સારવાર અર્થે રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કરતાં તિલકવાડા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Avatar: Fire And Ash
10:00am, 01:45pm, 05:30pm, 09:30pm
Dhurandhar
09:30am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

કરંજ ગ્રામપંચાયત કરંજ
તા.માંડવી, જી.સુરત , પિ.કો.૩૯૪૧૧૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતા જુના મકાનો તોડનાર તથા ભંગાર ની વસ્તુઓ ખરીદનારાઓ ને સૂચન કરવા માં આવે છે, કે ગ્રામ પંચાયત કરંજ ના ગ્રામ પંચાયત કચેરી તથા પંચાયત ની લાગુ માં આવેલ વોટર વર્ક્સ નું મકાન તોડી તેનું ભંગાર સહિત ની નકારતી સામગ્રી લઈ જવા માટે ની જાહેર હરાજી તા-30/12/2025 ના રોજ સવારે 11.00 કલાકે ગ્રામ પંચાયત કચેરી કરંજ મુકામે મોલવણ પાટીયા ઝરીના કોમ્પલેક્ષ ખાતે રાખવામાં આવલી છે. તો રસ ધરાવનાર ઠેકેદારો એ તારીખ સમય અને સ્થળે હાજર રહેવા જણાવમાં આવે છે હરાજી ની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભાળવામાં આવશે.

અલ્પેશભાઈ.આઈ.પટેલ સરપંચ શ્રી | ચંદુભાઈ.ડી.પટેલ ઉ.સરપંચ શ્રી | સંજયભાઈ.એ.પ્રજાપતિ ત.ક.મંત્રી

શ્રી દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળ સુરત
ઓપન ઈન્ટરવ્યૂ

ઉપરોક્ત સંસ્થા સંચાલિત સ્થળે ખાલી પડેલ ગૃહમાતાની જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઓપન ઈન્ટરવ્યૂ તા.૦૨-૦૧-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખેલ છે.

ક્રમ	છાત્રાલયનું નામ	ખાલી જગ્યાની વિગત	ખાલી જગ્યાની સંખ્યા	જાતિ
૧	ઉ.બુ.કન્યા છાત્રાલય પાતલ મુ.પાતલ, તા.માંડવી,જિ.સુરત	ગૃહમાતા	૦૧	અનુસુચિત જનજાતિ

શરતોઃ-
૧. વય મર્યાદા ૧૮ થી ૩૫ વર્ષની હોવી જોઈએ.
૨. ગૃહમાતાની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ હોવી જોઈએ.
૩. ગૃહમાતાની જગ્યા માટેના ઉમેદવાર અનુ.જ.જાતિના હોવા જોઈએ.
૪. સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પગાર ચુકવવામાં આવશે.
૫. પસંદગી પામનાર ઉમેદવારે સરકારશ્રીના નિયમ મુજબ સ્થળ પર ૨૪ કલાક ફરજિયાત હાજર રહેવાનું રહેશે.
૬. ઉમેદવાર તંદુરસ્ત અને સશક્ત હોવો જરૂરી છે. તંદુરસ્ત અંગેનુ ડોક્ટરી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.
૭. ઉપરોક્ત જગ્યા ભરવા માટે મદદનીશ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ આવિ/ગ્રાંટ ઈન એઈડ/૫૪૯૩/૨૦૨૫-૨૬ તા.૧૦/૧૧/૨૦૨૫ થી એન.ઓ.સી મેળેલ છે.

ઓપન ઈન્ટરવ્યૂનું સ્થળ: ઉ.બુ.વિદ્યાલય પાતલ. મુ.પો,પાતલ, તા.માંડવી, જિ.સુરત-૩૯૪૧૬૩
તારીખ ૦૨-૦૧-૨૦૨૬ શુક્રવાર
મંત્રી ઉ.બુ.પ.વર્ગ સેવા મંડળ સુરત